|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# આધુનિક શિક્ષણ દ્વારા સમાજ સુધારણા : પરિવર્તનની અપેક્ષા

## ખુશ્બુ પ્રતિક મોદી

સંસ્કૃતમાં સમજ અને સમાજ એવા બે શબ્દો છે. સમજ: પશૂનાં સંઘ:|" 'સમજ' શબ્દ પશુઓના સમૂહ માટે વપરાય છે.અર્થાત્ ધ્યેયહીન અને એકસૂત્રે ન ગૂંથાયેલા સમૂહને 'સમજ' કહેવાય.પરંતુ માનવના સમૂહ માટે 'સમાજ' શબ્દ વપરાય છે, કેમકે તેની પાસે ધ્યેય,વિચાર અને કાર્ય છે.સમાજની એક વિશિષ્ટ ધારણા છે- અનેક સાંસ્કૃતિક બંધનોથી બંધાયેલો, નિષ્ઠાના સુંવાળા પણ મજબૂત તંતુથી જોડાયેલો અને અનેક શ્રદ્ધાસૂત્રોથી ગૂંથાયેલો વર્ગ એટલે સમાજ.જેના સુખદુ:ખો,રાગદ્વેષો અને વૈયક્તિક અહંકારો **એક થયા છે એવો વર્ગ એટલે સમાજ. જેનાં નિષ્ઠાકેન્દ્રો, શ્રદ્ધાકેન્દ્રો,પુણ્યભૂમિ,પવિત્ર વિચારો અને આદર્શ પુરુષો એક છે તે સમાજ.**

**વૈયક્તિક વિકાસનાં બંધારણો,નિયમો,તત્વો,મૂલ્યો ટકાવવાનું કામ સમાજ કરે છે. વ્યક્તિ નાશવંત છે, જ્યારે સમાજ નિત્ય છે. અવતારો,ઋષિઓ, સંતો વગેરે આવ્યા અને ગયા, પણ તેમના વિચારો ટકાવવાવાળો સમાજ છે. એક પેઢી બીજી પેઢીને, બીજી પેઢી ત્રીજી પેઢીને,એમ વિચારોની, ભાવોની પરંપરા ચાલતી રહે છે. સમાજ આ વિચારધુરાને વહન કરે છે. તેથી વિચારોને નિત્યતા મળે છે અને પરિણામે સંસ્કૃતિ ટકી રહે છે. તેથી જ કહેવાય છે કે, "સંસ્કૃતિને સમાજ ટકાવે છે."**

**નિશ્ચિત ધ્યેય તરફ ગતિશીલ રહેવા માટે અને વિકાસ સાધવા માટે અમુક વ્યવસ્થાની જરૂર સમાજમાં પડે છે. આ દરેક વ્યવસ્થાનો આધાર શિક્ષણ ઉપર છે.રામકાલીન સમાજવ્યવસ્થા ઉત્તમ પ્રકારની હતી. તેના માટે કહેવાય છે કે-**

न मे स्तेनो जनपदे न कदर्यो न मध्यप: |
नानाहिताग्निर्नां वद्वान् न स्वैरी स्वेरिणी कुतः ||

- શ્રી વાલ્મીકિ રામાયણ દર્શન,પૃ.72

આનું કારણ તત્કાલીન શિક્ષણપદ્ધતિ હતી.

સાચે જ! શિક્ષણ જિંદગીની તૈયારી નથી, તે ખુદ જિંદગી છે!

શિક્ષણ એટલે જેમાં-

વિદ્યાનું ભણતર,

ચારિત્ર્યનું ચણતર,

જીવનનું ઘડતર,

એ ત્રણેનો સુભગ ત્રિવેણીસંગમ હોય !

શિક્ષણ માટે અંગ્રેજી શબ્દ **Education** છે.**Education means to draw out.**જેનાથી અવ્યક્ત શક્તિ અને ગુણો જાગૃત થાય તે જ ખરું શિક્ષણ.કેવળ ડિગ્રી મેળવવી એટલે શિક્ષણ નહિ,પણ વિશિષ્ટ પ્રકારના ગુણોથી સાચું જીવન જીવતા શીખવું એટલે શિક્ષણ. શિક્ષણ મનુષ્યના વર્તન દ્વારા પ્રગટ થાય છે.

**EDUCATION** અને **BEHAVIOUR**

આ બે શબ્દોમાં અંગ્રેજી **Alphabet** ના

પાંચે સ્વરો(Vovels)આવેલા છે.

આ પાંચે સ્વરો પ્રગટાવતા ગુણો

સાચા **EDUCATION**થી **BEHAVIOUR** માં આવે.

**E – Equality** = સમાનતા

**U – understanding** = સમજદારી

**A – Awareness** = જાગૃતિ

**I – Integrity** = પ્રામાણિકતા

**O – Optimism** = આશાવાદ

આ શિક્ષણનું બીજ ગર્ભવાસમાં માતા દ્વારા રોપાય, પછી તે અંકુરરૂપે ઘર અને શાળા- કોલેજમાં પોષણ પામી જીવનમાં પુષ્પિત થાય અને તેની ફોરમ આખા સમાજને મળતી રહે. પરંતુ આજના શિક્ષણમાં આ બધી બાબતો દેખાય છે ખરી?

શિક્ષણના પાંચ હેતુઓ છે: (1)શીલસંવર્ધન, (2)સ્વાશ્રય, (3) જીવનનિર્વાહ ચલાવવા યોગ્ય બનવું,(4) કર્તવ્યપરાયણતા અને (5) પ્રાચીન સંસ્કૃતિનું સંરક્ષણ. પરંતુ શું આ હેતુઓ આજની શિક્ષણસંસ્થાઓ દ્વારા સિદ્ધ થાય છે કે?

વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના આધારે જાણકારીનું સાર્વત્રીકરણ, અલગ-અલગ કળાઓનું જ્ઞાન, સાધનસંપન્નતા જેવી સારી વાતો આપણને આધુનિક શિક્ષણે આપી છે, તેમાં

**કોઈ બેમત નથી. પરંતુ ઊંડાણપૂર્વક વિચારતાં આધુનિક શિક્ષણના બારામાં ઘણા સવાલ મનમાં ઊભા થાય.**

- **શું જાણકારીનો ભંડાર એ જ શિક્ષણનો માપદંડ છે? શિક્ષણની મારા જીવન ઉપર કંઈ અસર થવી જોઈએ કે નહિ?**
- **કૃતજ્ઞતા,અસ્મિતા,તેજસ્વિતા,નમ્રતા,પ્રામાણિકતા,સાહસ,ધૈર્ય- આ બધાં જ ગુણો મારા જીવનમાં ખીલી રહ્યાં છે?**
- **દેશ માટે, સમાજ માટે, આપણી સંસ્કૃતિ તથા ઋષિઓ,મહાપુરૂષો - આ બધાં પ્રત્યે કૃતજ્ઞ રહેવાની શીખ શિક્ષણ દ્વારા મળે છે?**
- **આજનો First class engineer શું First class પતિ કે First class પુત્ર બની શકે છે?**
- **17 વર્ષ સુધી શિક્ષણ લીધા પછી પણ શું યુવાનને ભરોસો છે કે હું મારો રોટલો કમાવી શકીશ?**
- **શું તેનું મન એટલું powerful છે કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તે મજબૂતીથી ઊભો રહી શકે?**

**આજે શિક્ષણ જીવનલક્ષી ન રહેતાં જીવિકાલક્ષી બની ગયું છે.એટલું જ નહિ, આજે ડિગ્રીને જ જ્ઞાનનો માપદંડ માનવામાં આવે છે. પરંતુ આજે વ્યક્તિ જે ક્ષેત્રમાં ડિગ્રી મેળવે છે, તે ક્ષેત્રમાં પણ ઢંગથી કશું કરી શકતો નથી.આજે જે પરીક્ષાઓ લેવાય છે, તે સમજણના બદલે સ્મૃતિશક્તિ પર વધુ આધારિત હોય છે. Semester System માં તો વિદ્યાર્થીને કોઈ પણ વિષયનું પૂર્ણ જ્ઞાન મળવું લગભગ અશક્ય થઈ ગયું છે. થિયરી અને પ્રેક્ટિકલ - આ બંને ભેગા મળે ત્યારે જ ચોક્કસ વિષયનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. પરંતુ આજની શિક્ષણવ્યવસ્થામાં વ્યક્તિ થિયરી શીખી** લે છે, પણ જેટલી પ્રેક્ટિસ કરવી જોઈએ, તેટલી કરી શકતો નથી અને જે પ્રેક્ટિસ કરે છે તે અજમાયશી હોય છે.

એક તરફ ગરીબ અને મધ્યમવર્ગીય માણસ માટેની સરકારી શાળાઓ બંધ થઇ રહી છે, તો બીજી તરફ પૈસાદાર વર્ગ માટેની એરકંડિશનર શાળાઓ વધુ ને વધુ ખૂલી રહી છે.સરકારને પોતાની યોજનાઓ સફળ બનાવવા માટે એવો આદેશ આપવો પડે છે કે ભલે બાળકને કંઈ ન આવડતું હોય, તોપણ તેને પરીક્ષામાં નાપાસ તો ન જ કરવો અને તેને સાતમા ધોરણ સુધી ફરજિયાત પહોંચાડવો. પરિણામે બાળકનો પાયો જ કાચો રહી જાય છે. હવે આ કાચા પાયા ઉપર જીવનની ઈમારત કેવી રીતે ઊભી રહી શકે? આજે દસમું ધોરણ પાસ કરેલો વિદ્યાર્થી કોઈપણ ક્ષેત્રની કોઈપણ જાતની જાણકારી વગર એ નિર્ણય લે છે કે તેને અગિયારમા ધોરણમાં કયું ગ્રુપ રાખવું અને પરિણામે જે-તે ડિગ્રીમાં ઘૂસ્યા પછી પસ્તાય છે કે તે ડિગ્રી માટે તો પોતે લાયક જ નથી. આજે જાણે શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું છે. જેટલાં ભવ્ય આજે કોલેજના બિલ્ડિંગ દેખાય છે તેટલું જ ગંભીર શિક્ષણનું વાતાવરણ થઇ ગયું છે.આમ,

આજકાલ વિદ્યાલય,

વિદ્યાનું ‘આલય’ મટી ગયા છે!
હવે તો ત્યાં જાણે ‘વિદ્યાનો લય’ થાય છે!
આજકાલ વિદ્યાપીઠ,
વિદ્યાની પીઠ મટી ગઈ છે!
હવે તો ત્યાં જાણે ‘વિદ્યા તરફ પીઠ’ થઈ ગઈ છે!

પ્રાચીનકાળમાં.................................વિદ્યા वकासाय હતી.
મધ્યયુગીનકાળમાં...........................વિદ્યા ववादाय હતી.
અર્વાચીનકાળમાં............................... વિદ્યા ववाहाय થઈ ગઈ છે.

આ બધાનું એક જ કારણ છે અને તે એટલે તપોવન પદ્ધતિના શિક્ષણને સ્થાને આવેલી અંગ્રેજોની શિક્ષણ પદ્ધતિ.

“હું આખા ભારતમાં ફર્યો પણ મેં એક પણ ભિખારી કે ચોર નથી જોયો. ઊંચા આદર્શો ધરાવતા અને તેમને પાળવાની ક્ષમતા ધરાવતા મહાન માણસોનો એ દેશ છે. આપણે ક્યારેય એ દેશને જીતી નહિ શકીએ જ્યાં સુધી આપણે તે દેશની કરોડરજ્જુ સમાન ગુરુકુળની શિક્ષણપદ્ધતિ ઉથલાવીને અંગ્રેજી શિક્ષણપદ્ધતિ નહિ લાદીએ. આ જ એકમાત્ર રસ્તો છે યુગોથી શ્રેષ્ઠ રહેલા એ ભારત દેશને પોતાના પગ નીચે દબાવી દેવાનો.” તારીખ બીજી ફેબ્રુઆરી,1835 ના રોજ બ્રિટનની પાર્લામેન્ટને આપેલા લોર્ડ મેકુલેના ભાષણનો આ અંશ છે. ત્યારબાદ એ જ કરવામાં આવ્યું જે મેકુલેએ કીધું હતું અને મેકુલે એ હદે સફળ થયો કે આઝાદીના 72 વર્ષે પણ આપણે ત્યાં એ જ શિક્ષણ પદ્ધતિ ચાલી રહી છે.

આજનું જીવિકાલક્ષી શિક્ષણ રોટલો કમાવી આપે, પણ જીવનલક્ષી શિક્ષણ ક્યાંથી મળશે? જેટલું મહત્વ પૈસા કમાવવાનું છે તેટલું જ તેને ક્યાં વાપરવું તે પણ અગત્યનું છે. જેટલો ઉત્કૃષ્ટ તમારો વ્યવસાય છે તેટલું જ સુંદર તમારું કૌટુંબિક જીવન પણ હોવું જોઈએ. જીવનમાં જેટલી જરૂરિયાત સુવિધાઓની છે તેનાથી વિશેષ જરૂરિયાત ભાવની,positive outlook ની છે,જે ફક્ત જીવનલક્ષી શિક્ષણથી જ શક્ય બનશે. અને શિક્ષણનું આ સ્વરૂપ આપણી પ્રાચીન તપોવન પદ્ધતિમાં જોવા મળે.

આપણી તપોવન પદ્ધતિ કહે છે કે,“શિક્ષણ શિક્ષા ન લાગવું જોઈએ, પણ આનંદમય લાગવું જોઈએ.” તપોવનમાં વિદ્યાર્થીઓ ગુરુપરાયણ અને ગુરુ શિષ્યપરાયણ હતા. ગુરુ અને શિષ્ય બન્ને જ્ઞાનપરાયણ હતા અને જ્ઞાન સેવાપરાયણ હતું. શિક્ષણ લીધા પછી માણસ હિંમતવાન,પ્રેમાળ,તેજસ્વી અને જ્ઞાનપ્રધાન બનવો જોઈએ.જેનાથી જીવનનો વિકાસ સાધી શકાય તે જ વિદ્યા. તેથી જ કહ્યું છે કે – सा वद्या या वमुक्तये |

તપોવનમાં શિક્ષકનું આચરણ જોઈને વિદ્યાર્થીઓ આચરણ કરતા. જીવનને 'શિ'સ્તબદ્ધ, 'ક્ષ'માશીલ અને 'ક'ર્મયોગી બનાવે તે શિક્ષક અને વિ-વિશેષરૂપે, ધ્યા-ધ્યાનસ્થ થઇને, ર્થી-વિદ્યાનો અર્થી બને તે વિદ્યાર્થી.પુષ્ટ મન, તેજસ્વી વિચાર અને બળવાન શરીરવાળા યુવાનો તપોવનમાં તૈયાર થતા.

આજે વિચાર અને જીવનની જુદાઈ છે તેથી નિર્જીવ વિચારો અને વિચારશૂન્ય જીવન છે. આજે શિક્ષણ અને જીવન જુદાં પડી ગયા છે. વિદ્યાર્થી ઘરે જીવે છે અને શાળામાં ભણે છે. તે દૂર કરવા માટે ભણવાની જગ્યાએ જીવન જીવવાનું શિક્ષણ આપવું જોઈએ અને ઘરને શાળામાં મળેલા સંસ્કારો આત્મસાત કરવાની પ્રયોગશાળા બનાવવી જોઈએ. આ વાત તપોવનપદ્ધતિએ આપી છે.

પ્રાચીનકાળમાં શિક્ષણક્ષેત્રમાં રાજસત્તાનો અધિકાર ન હતો. તેમાં રાજાનો હસ્તક્ષેપ ન હતો.રાજા પણ ત્યાં વિનીતવેશમાં જતો –

वनीतवेषेण प्र वष्टव्यानि तपोवनानि नाम |

-અભિજ્ઞાનશાકુન્તલ,અંક-1

તપોવનમાં ગુરુ-શિષ્ય પવિત્ર ભાવનાથી રહેતા.

ॐ सह नाववतु | सह नौ भुनक्तु |

-કઠોપનિષદ,2.3.19

આજે શિક્ષણ પરીક્ષાલક્ષી થઈ ગયું છે. પરંતુ ખરેખર શિક્ષણ જીવન માટે અને જ્ઞાનને માટે મળવું જોઈએ.Open your books એ શિક્ષણ નથી, પણ Open your minds એ શિક્ષણ છે. તપોવનમાં વિદ્યાર્થીના રુચિ અને રસ જોઈને તે મુજબનું શિક્ષણ તેને આપવામાં આવતું. તેથી તેનું મન ખીલેલું રહેતું અને તેના જીવનનો યોગ્ય વિકાસ થતો. તે સમયે શલાકાપદ્ધતિથી પરીક્ષા લેવામાં આવતી. મતલબ કે અભ્યાસ કરેલા પુસ્તકનો શબ્દેશબ્દ વિદ્યાર્થીને આવડતો. ટૂંકમાં, પ્રાચીન શિક્ષણપદ્ધતિ ઉત્તમ પ્રકારની હતી.

We are craving for 'Ramrajya.' આજે બધાં જ રામરાજ્ય ઝંખે છે અર્થાત્ રામકાલીન સમાજ ઝંખે છે.પરંતુ ચારિત્ર્યવાન અને નીતિમાન બન્યા સિવાય રામરાજ્ય ન લાવી શકાય. જીવનમાં શીલ નિર્માણ કરી સંપૂર્ણ મનુષ્યત્વ ઊભું કરવાનું કામ શિક્ષણનું છે. તેના દ્વારા સમાજ સુદ્રઢ બની શકે, વિકાસના પંથે ડગ માંડી શકે. અને આ દ્રષ્ટિએ પ્રાચીન શિક્ષણપદ્ધતિ જ સાચું માર્ગદર્શન આપી શકે અને સાચી દિશા બતાવી શકે.

**સંદર્ભ સૂચિ :-**

1.શ્રી વાલ્મીકિ રામાયણ દર્શન
પ્રકા.સદવિચાર દર્શન,નિર્મલ નિકેતન,મુંબઈ
આવૃત્તિ:ફેબ્રુઆરી,2016

2.અભિજ્ઞાનશાકુંતલમ્
સરસ્વતી પ્રકાશન,અમદાવાદ
અદ્યતન આવૃત્તિ:2012-13

3.કઠોપનિષદ્
સંપા.પ્રા.વાસુદેવ વિ.પાઠક
પાર્શ્વ પ્રકાશન
પ્રથમ આવૃત્તિ:1989

4.રળિયામણું વૃક્ષ:અઢારમી સદીમાં ભારતીય શિક્ષણ
લેખક-ધર્મપાલ
પ્રકા.પુનરુત્થાન ટ્રસ્ટ,મણિનગર,અમદાવાદ
આવૃત્તિ:2005

॥ इति शवम् ॥

**ખુશ્બુ પ્રતિક મોદી**

**આસિસ્ટન્ટ પ્રોફેસર,સંસ્કૃત,**

**ડો..બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**છારોડી,અમદાવાદ.**